warm zone
bringing warmer homes to Kirklees

## કર્કલીઝ વૉર્મ ઝોન વિષે માહિતી પત્રિકા

**વૉર્મ ઝોન એ શું છે?**

કર્કલીઝ વૉર્મ ઝોન મકાનમાલિકોને એનર્જી (ઉર્જા)ના કાર્યક્ષમ ઉપયોગ વિષે વ્યાવહારિક સહાયતા પૂરી પાડીને 'ફયુઅલ પૉવર્ટિ' અર્થાત મોંઘા બળતણને લીધે પેદા થતી ગરીબાઇ અને પર્યાવરણના ફેરફારની સમસ્યાઓનો હલ કરવા માટેની એક કાર્યયોજના છે. આ વૉર્મ ઝોન પ્રોગ્રામની સરકારે ૨૦૦૦ના વર્ષમાં સ્થાપના કરી હતી અને ત્યારથી લઇને આજ સુધીમાં ૫૦૦,૦૦૦ થી પણ વધુ ઘરોને મદદ કરી છે.

**કર્કલીઝ શા માટે વૉર્મ ઝોન કાર્યયોજનાને હાથ ધરે છે?**

કર્કલીઝમાં, અમારા અંદાજ મુજબ આશરે ૪૫,૦૦૦ ઘરો 'ફયુઅલ પૉવર્ટિ'નો શિકાર છે, જેનો અર્થ એવો થાય છે કે તેઓ પોતાનાં ઘરોને પૂરતાં હૂંફાળાં રાખી શકતા નથી. વૉર્મ ઝોન કર્કલીઝમાં પ્રત્યેક કુટુંબને ઉર્જાની કાર્યક્ષમતા સુધારવા એટલે કે ગેસ-ઇલેકટ્રિસિટિનો અસરકારક ઉપયોગ કરવા માટે મદદ, અને બીજી અનેક પ્રકારની સહાય સેવાઓ પેશ કરશે.

**મકાનમાલિકોને આનાથી કઇ રીતે ફાયદો થશે?**

વૉર્મ ઝોન કર્કલીઝના દરેકે દરેક ઘરમાં પહોંચશે અને દરેક જણ માટે કંઇને કંઇ પેશ કરશે, ભલેને તેમના સંજોગો ગમે તેવા હોય. કોઇ પણ મકાનમાં ઉર્જા કાર્યક્ષમતા માટેનાં તમામ જરૂરી કામો કરવા અંગેનો આધાર મકાનની ટેકનિકલ મોજણી પર રહેશે.

આ કાર્યયોજનાનો મુખ્ય આશય હૂંફાળાં, ઉર્જા કાર્યક્ષમ અર્થાત એનર્જીનો અસરકારક રીતે ઉપયોગ કરી શકે તેવાં ઘરો પૂરાં પાડવાનો છે. એ માટે વૉર્મ ઝોન નીચેની વસ્તુઓ પેશ કરશે:

- તમામ ઘરો માટે મફત કૅવિટિ વૉલ અને લૉફટ ઇનસ્યુલેશન
- બધા લોકો માટે ઓછી એનર્જી (ઇલેકટ્રિસિટિ) વાપરે એવા મફત બલ્બ
- હિટિંગ સિસ્ટમમાં મફત સુધારા (માત્ર નક્કી કરેલા માપદંડ મુજબ પાર ઉતરતા હોય તેવા મકાનમાલિકો માટે જ, દાખલા તરીકે તેઓ ફયુઅલ પૉવર્ટિ અનુભવી રહ્યા હોય, બેનિફિટસ પર હોય અથવા ઇમ્પ્રૂવમેન્ટ કરવાનું મુશ્કેલ હોય એવા ઘરોમાં રહેતા હોય, અને નાણાંભંડોળ પર આધારિત)
- ખર્ચ ચૂકવી શકે તેવા ગ્રાહકો માટે બદલીનાં બોઇલરો અને સેન્ટ્રલ હિટિંગ માટે સ્પર્ધાત્મક કિંમતો
- પૈસા ચૂકવી શકે તેવા ગ્રાહકો માટે (સોલર પેનલ્સ, વિન્ડ ટરબાઇન્સ વગેરે જેવી) રિન્યુએબલ ટેકનોલોજીઓ માટે ઓછી કિંમતો

વધુ હૂંફાળાં, ઉર્જા કાર્યક્ષમ ઘરો પૂરાં પાડવા ઉપરાંત, સેવા પૂરી પાડનારા બીજા અનેક લોકો મકાનમાલિકોને નીચેની સેવાઓ દ્વારા સહાય કરવા ભાગીદારીમાં કામ કરે છે:

- બેનિફિટોને લગતી તપાસ (સિટિઝન્સ એડવાઇસ બ્યૂરો, બેનિફિટસ ઍન્ડ રૅવન્યૂ સર્વિસ, ડિપાર્ટમેન્ટ ઑફ વર્કસ ઍન્ડ પેન્શન્સ અને કર્કલીઝ બેનિફિટસ ઍન્ડ એડવાઇસ સર્વિસના સહયોગમાં)
- વેસ્ટ યોર્કશાયર ફાયર સર્વિસ તરફથી ફાયર સેફટીને લગતી તપાસ
- કૅરર્સ ગેટવે મારફત કૅરર્સ (દેખભાળ કરનારાઓ) માટે સહાયતા સેવાઓ
- યોર્કશાયર વૉટર દ્વારા પાણીની બચતને લગતી સલાહ

**વૉર્મ ઝોન આ યોજનાને લોકોમાં કઇ રીતે રજૂ કરશે / ખપાવશે?**

તમારા દરવાજે કોઇ ચકાસણી કરનાર આવીને ઊભો રહે તે પહેલાં કર્કલીઝના પ્રત્યેક મકાનમાલિકને વૉર્મ ઝોન તરફથી, જેમાં હાથમોજાં પહેરેલો હાથ બતાવવામાં આવ્યો છે તેવા, એના માર્કેટિંગ પ્રતીક સાથેનો એક પત્ર મળશે. વૉર્મ ઝોન આવી પહોંચે તે પહેલાં તમારા વિસ્તારમાં પુષ્કળ જાહેરાત કરવામાં આવે તેની અમે ખાતરી કરીશું. વૉર્મ ઝોન કે એના કોન્ટ્રાકટરો તરફથી જાણ કર્યા વિના કોઇ એમ જ તમારી પાસે આવી પહોંચે એવું બનશે નહીં.

*પાછળ ચાલુ*

**મકાનમાલિક એ કઇ રીતે જાણશે કે ચકાસણી કરનાર વ્યક્તિ વૉર્મ ઝોન તરફથી જ આવેલી છે?**
ચકાસણી કરનારાઓ વૉર્મ ઝોનના સુસજ્જ, તાલીમબદ્ધ પ્રતિનિધિઓ હશે, જેઓ દરેક વખતે પોતાની સાથે તેમના ફોટાવાળું ઓળખપત્ર રાખશે, અને તેમના આગવા બિલ્લાવાળાં લાલ રંગનાં કપડાં પહેરશે. તેમનાં વાહનો ઉપર પણ વૉર્મ ઝોનનો લૉગો પ્રદર્શિત થયેલો હશે. વેસ્ટ યોર્કશાયર પોલીસને એરિઆ પ્રમાણે વૉર્મ ઝોનની પ્રવૃત્તિની જાણ કરવામાં આવી રહી છે.

**સમગ્ર કર્કલીઝમાં નબળાઇ કે અશક્તિને કારણે જોખમના ભયવાળા કુટુંબો હોવાના કારણે મને તેમના માટે ફિકરચિંતા છે. આવા લોકોને કઇ રીતે યથાયોગ્ય સેવા અને પૂરતી કાળજી મળી રહેશે?**
વૉર્મ ઝોન તમામ મકાનમાલિકોને મદદ કરવાનો અને યોગ્ય સેવા પૂરી પાડવાનો પ્રયત્ન કરશે. કર્કલીઝમાં જેમના માટે ફયુઅલ પૉવર્ટિનું સૌથી વધુ જોખમ રહેલું છે તેવા લોકોને મદદ કરવા વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા જોખમના ભયવાળા કુટુંબો સુધી પહોંચવું એ વૉર્મ ઝોન માટે ખાસ કરીને અગત્યનું છે. જ્યાં જરૂરી હશે ત્યાં અમે ત્રીજા પક્ષ દ્વારા કામ લઇશું જેવા કે કૅરર્સ, આવા લોકોને નિશ્ચિત એપોઇન્ટમેન્ટ સમયો ફાળવીશું અથવા કોઇ પાસવર્ડ સ્કીમનો ઉપયોગ કરીશું. જ્યાં બીજી એજન્સીઓ જેવી કે ફાયર સર્વિસ અથવા હેલ્થ સર્વિસ મારફત (આરોગ્ય અને ફયુઅલ પૉવર્ટિના નોંધપાત્ર કારણો માટે) અગ્રિમતાવાળા મકાનમાલિકોની ઓળખ કે જાણકારી મળી રહેશે ત્યાં વ્યક્તિગત કુટુંબોના મકાનમાં તેમના વૉર્ડનો વારો આવે તે પહેલાં પણ ઇમ્પ્રૂવમેન્ટસ (મકાનમાં સુધારાવધારા) કરી આપવામાં આવશે.

**આમાં મદદ કરવા હું શું કરી શકું છું?**
કોમ્યુનિટીનો વિશ્વાસ અને આ કાર્યયોજના વિષેની સભાનતા તથા કર્કલીઝમાં પરવડી શકે એવી ઉષ્મા અને ઉર્જા કાર્યક્ષમતા પૂરી પાડવાનો જેને અધિકૃત રીતે ટેકો છે એવી આ એકમાત્ર નવયોજના છે તે હકીકતનો સ્વીકાર વૉર્મ ઝોનની સફળતાની મુખ્યચાવી રહેશે. વૉર્મ ઝોનને પ્રોત્સાહન આપવા એને ટેકો આપવો અને એમાં હિસ્સો લેવો એ કોમ્યુનિટીમાં વિશ્વાસ પેદા કરવા માટે અત્યંત મૂલ્યવાન રહેશે. એ બીજી કોઇ જગ્યાએ આગળ વધે તે પહેલાં તમારી કોમ્યુનિટીમાં વૉર્મ ઝોનની હાજરી એક મર્યાદિત સમયગાળા માટે રહેશે.

**આ કાર્યયોજના માટે નાણાંભંડોળ કયાંથી મળે છે?**
એના માટે નાણાંભંડોળ કર્કલીઝ કાઉન્સિલ, સ્કૉટીશ પાવર, નેશનલ ગ્રીડ, રિજનલ હાઉઝીંગ બૉર્ડ, સ્કૉટીશ પાવર એનર્જિ પીપલ ટ્રસ્ટ અને બ્રિટિશ ગેસ એનર્જિ ટ્રસ્ટ દ્વારા પૂરું પાડવામાં આવી રહ્યું છે. વૉર્મ ઝોનના સમગ્ર અસ્તિત્વકાળ દરમિયાન નાણાંભંડોળ માટે અરજીઓ કરવાનું ચાલુ રાખવામાં આવશે.

**વૉર્મ ઝોન મારા ઘર સુધી કયારે પહોંચશે?**
વૉર્મ ઝોન યોજના એક પછી એક વૉર્ડ અને એક પછી એક સ્ટ્રીટમાં કામ હાથ ધરી રહી છે એટલે કોઇ પણ ઘરને બાકી રાખવામાં આવશે નહીં. અમે તમારી મુલાકાત લઇએ તે પહેલાં અમે તમારા વિસ્તારમાં કયારે હોઇશું તેની તમને જાણ કરવા વૉર્મ ઝોન પ્રત્યેક ઘરને કાગળ લખશે. જો અમે તમને મળવાનું ચૂકી જઇએ તો તમે જાતે ભરી શકો એવું એક સેલ્ફ અસૅસમેન્ટ ફોર્મ પાછળ છોડતા જઇશું.

**ઇનસ્યુલેશનનું કામ કોણ કરશે?**
મિલર પેટીશન અત્યારે અમારા એક માત્ર ઇનસ્યુલેશન કોન્ટ્રાકટર છે જેઓ વૉર્મ ઝોન કાર્યયોજના હેઠળ કાઉન્સિલ વતી કર્કલીઝમાં આ કામ કરી રહ્યા છે. બીજા કેટલાક કોન્ટ્રાકટરો કર્કલીઝમાં હજી ઇનસ્યુલેશન વેચી રહ્યા છે અને જેમને વૉર્મ ઝોન સાથે કશી લેવાદેવા નથી એવી બીજી કેટલીક કંપનીઓ વૉર્મ ઝોન કે કાઉન્સિલ માટે કામ કરતા હોવાનો કદાચ દાવો કરે. એ કારણે મકાનમાલિકોએ જેઓ વૉર્મ ઝોન વતી કામ કરતા હોવાનો દાવો કરતા હોય તેવા બધાજ કર્મચારીઓના ઓળખ બિલ્લાઓને તપાસવા જોઇએ.

**મહેરબાની કરી યાદ રાખો કે વૉર્મ ઝોનના બધાજ ભાગીદારો પોતાની સાથે ઓળખ કાર્ડ રાખતા હોય છે અને તેઓ તમારી સાથે એપોઇન્ટમેન્ટ (તમને મળવા આવવાના સમય અને તારીખ)ની ગોઠવણ કરશે. કોઇ પણ સંસ્થા તમારી પાસે એપોઇન્ટમેન્ટ વિના આમ જ આવી જશે નહીં. જો કોઇ તમારું બારણું ખખડાવે અને અગાઉથી ગોઠવણ કરેલી એપોઇન્ટમેન્ટ વિના આવી પડે તો મહેરબાની કરી તેમને ઘરમાં આવવા દેશો નહીં.**